

વંદે માતરમ

રસીલી વાર્તા

યાને

જ્ઞાન ઉપદેશ.

આ પ્રસિદ્ધ કરનાર

જેકીશનદાસ નાથુભાઈ

--- [illegible] ---


સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦


ધી "શાંતિ" પ્રીન્ટીંગ પ્રેસ

બાગાતળાવ સુરત

કીમત આના અડધા



પ્રસ્તાવના



સર્વે દેશ પરદેશના સદગ્રહસ્થોને અરજએ છે જે, આ ચોપડી હમે હમારી અલ્પના શકતીથી રચી આપના સમક્ષ રજુકરી છે તેમાં એટલુજ માત્ર સમજવાનુ છે કે ખરાબ સોબતથી ને ખરાબ ટેવથી કેવા ગેરફાયદા થાય છે તે જણાવ્યુ છે, માટે બધુએ ભુલચુક થઇ હોયતે માફ કરી બીજી આવૃતી છપાતા પહેલા હમને હમારી ભુલ ચુક થઇ હોય તે બતાવવાની કૃપા કરશોજી

જેકીશનદાશ નાથુભાઇ સુરત.

સુચના



તમામ દેશ પરદેશના ગૃહસ્થોને તેમજ બુકસેલરોને માલમ થાયેજે આ હમારી પ્રસીદ્ધ કરેલી ચોપડી નામે રમીલી વાર્તા કરીને છે. તે આપને છુટક તેમજ જથાબંધ રોકડી કીમતે મલશે જથાબંધ લેનારને કમીશન આપવામાં આવશે બહાર ગામથી છુટક મંગાવનારે પોસ્ટની ટીકીટ પૈસા ૩ ની મોકલવાથી હમો તેમના ઠેકાણા મુજબ મોકલી આપીશુ

લી૦ જેકીશનદાશ નાથુભાઇ

ઠે૦ બેગમપુરા ખાગડશેરી સુરત

રસીલી વાર્તા યાને જ્ઞાન ઉપદેશ.

પ્રકરણ ૧ લું.

દોહરો.

પરમેશ્વરની મહેરથી આરંભ કરૂં છું આ કામ,
માટે પ્રભુ [illegible] કરીને [illegible] કરાવજે આ કામ
ધીરજથીજ થાય છે નાનું મોટું કામ,
[illegible] બગડે [illegible] નરસું કામ

અરે [illegible] તને ધન્ય છે કે તારૂં નામ મોનાની [illegible] તેવુંજ તારૂં કામ છે [illegible] તને [illegible] છે કારણ [illegible] મા [illegible] નીઓનું [illegible] થાય છે ને [illegible] જ્ઞાનની [illegible] ઉકાળની [illegible] નીઆએ તારોજ આસરો લીધો હતો પણ [illegible] જાણું છું તો હવે મોનાની સુરત કહેવી એ સઘળુ વ્યર્થ છે માટે તારૂં નામ [illegible] તને આજથી શોભીલી સુરત કહેવી યોગ્ય છે કારણ —

દોહરો.

આહા [illegible] તે નવ તહેવાર– સુરતમા છે ખાસ,
[illegible] પાપ્યા લોકો વળી મદ્યપાન કરે ખાસ
મદ્યપાન કરીને કરેછે–જાણે ઇંગ્લીશ મેન,
[illegible]ગીઆજીને માને છે-જાણે સ્વર્ગનું માન

પ્રિય વાચક બંધુઓ હમણા આપણી આરસીલી વાર્તાની શરૂઆત હમણા ન કરતા સમય અનુસાર આગળ ચલાવીશુ, પણ પ્રિય વ્હાલા બધુઓ આજકાલ આ કળીયુગના સમયમાં, આ

કાની દુનિયાગાં કેવી કેવી અણઘટતી ચીજો ઉંચ કોમમા બનેછે તેનો એક પ્રત્યક્ષ દાખલો ટુકમા આપણી સમક્ષ રજુ કરૂ છુ તે એ કે, ભાઇઓ એક સમયને વિશે હુ આપણા નામીચા સુરતના પ્રસિધ્ધ ઝાંપાબજાર આગળથી પસાર થતો હતો તેવામાજ એક નવુ કૌતક દીઠુ તે એકે, ભાઇઓ મે એક મારીજ પીછાનના એક ખાનગી બ્રાહ્મણ ગ્રહસ્થને પીઠામા બેસી મધ્યપાન કરતા જોયો તે જોતાજ મને ખેદ ઉપજે છે કે, જયારે આવી ઉંચ કોમો મા આવા અન ઘટતા કામો થશે તો પૃથ્વીનો અત જલદી આવી જશે માટે પ્રિય ભાઇઓ આપણી દરેક દરેક ન્યાતિ તથા પચ મેળવી સખતમા સખત કાયદા ઘડવા કે જેથી કરીને આપણી ઉંચ કોમોમા એવા અનઘટતા બનાવો થતા કામો અટકે, ને આપણા પવિત્ર ધર્મને વધારેને વધારે ઉન્નતીમા મકો બંધુઓ ! મદ્યપાનથી તથા હીંસા કરવાથી કેવા ગેરફાયદા થાય છે તે નીચે મુજબ છે

દોહરો.

મદ્યપાન કરશે જે ધણી, જાશે નર્કને દ્વાર,
મદ્યપાન બુરી ચીજ છે થાશે જગમા ધીટકાર
હિંસા કરશે જે ધણી, પામશે દુઃખ અપાર,
હિંસાથીજ ભોગવશે, દુખ અપરપાર

પ્રિય વાચક બંધુઓ હવે આપણી ચાલુ વાર્તાનો આરભ કરીએ છીએ તે એવી રીતે કે, બંધુઓ આપણે આપણામા અભિમાન નહિ રાખતા, પૈસાનો ગર્વ નહિ કરી, આપણા સ્વદેશી ભાઇઓનુ ભલુ કરી જાતી અભિમાન નહિ રાખતા આપણાં સ્વદેશી ભાઇઓને સારે માર્ગે દોરવી નઠારી, કુટેવ છોડાવવી એજ સૌથી ઉત્તમ છે બંધુઓ ! અભિમાનમા ને ખરાબ કુટેવથી પૈસાની તેમજ ઇજ્જતની કેવી ખરાબી થાય છે, તેનો એક ટુકમા

દાખલો, બાપ દીકરાની હકીકત વિશે આપની સમક્ષમાં રજુ કરું છું પણ બધુએ ! આપણે આપણી આ રસીલી વાર્તા પ્રમાણે ઇંગ્લીશ ઢબમાં (બાપનું નામ ફાધર તરીકે તેમજ છોકરાનું નામ સન તરીકે ઓળખાવીશુ)

પ્રકરણ બીજું.

ફાધર—માઇ ડીયર સન તે તારી નાની ઉમ્મરમાં મેટ્રિકની પરીક્ષા પહેલાં નંબરે પસાર કરી માટે મારા વ્હાલા બેટા હું આજે તારે માટે નવીજ ફેશનનુ કોટનું કપડુ તેમજ આ ફેન્સી છત્રી તથા બુટ લાવ્યો છુ તે લે ને ખુશી થા

સન—પ્લીઝ માઇ ડીયર ફાધર-આઇ થે કયુ-લાવો. લઇને જોતાજ (ચોકીને) પિતાજી આતો વિલાયતી માલ છે એને શું કરૂ જાવો, જાવો એને જલદીથી ફેકી દો મારે એનુ કંઈ કામ નથી

ફાધર—માઇ ડીયર સન ત્યારે તને શુ જોઇએ છે ? તે બોલ મારા વ્હાલા બેટા બોલ

સન—પ્લીઝ માઇ ડીયર ફાધર, આઈ ડોન્ટ વોન્ટ ઇંગ્લીશ ગુડઝ, પિતાજી મારેતો હાલમા નવીજ નીકળેલી દેશી મીલોનું કાપડ જોઇએ છે

ફાધર—માઇ ડીયર સન, તુ ઘણોજ ભુલે છે દેશી મીલોમા કાપડ ઘણુજ મોઘું મળે છે.

સન— પ્લીઝ માઇ ડીયર ફાધર—તમો ઘણાજ ભુલો છે. પિતાજી વિલાયતી કાપડ કરતા દેશી મીલોના કાપડની મે મારી ખાત્રીથી તપાસ કરી છે. માટે પિતાજી, મારો સ્કુલે જવાનો કોટ ફાટી ગયો છે, માટે આપણે જરાપણ ઢીલ નહિ કરતાં આજે ચાલો, આપણે દેશી મીલમા જઇ કાપડ લઇ આવીએ.

ફાધર—માઇ ડીયર સન, રામાને કહે કે ગાડી લાવે ને મહેતા જીની પાંસેથી રૂ૦ ૧૦૦) ખર્ચ ખાતે લખાવીને લઈ લે.

સન—પ્લીઝ માઇ ડીયર ફાધર, આટલા બધા રૂપીઆ લેવાનું શું કામ છે! પણ ચાલો લઇ લઉં છું. વધશે તો કયાં નાશી જવાના છે. રામા, ગાડી લાવ.

ફાધર —માઈ ડીયર સન કોટ પ્હેરી લે. (રામો ગાડી લાવે છે.)

બાપ દીકરા ગાડીમાં બેસી જાય છે. ને થોડી વારમાં "દેશી મિલ" આવી પહોંચતાંજ (રામાને કહે છે.રામા ગાડી સામી લાઇન માં બાજુ ઉપર ઉભીરાખ).

ફાધર એન્ડ સન—મીલના કમપાઉન્ડમાં જઇને પુછે છે, વૅર ઇઝ મીલ મેનેજર

મેનેજર—વેલકમ માઇ ડીયર સર, આઇ થેન્ક યુ.

ફાધર—માઈ ડીયર સન તારે જેવુ કાપડ જોઇએ તે મગાવ, એવણુ આ મીલના મેનેજર છે.

સન—માઇ ડીયર સર બ્લેક એન્ડ ગ્રીન કલરનું સારૂ વુલન કાપડ મગાવો, અરે પણુ મેનેજર સાહેબ સાથે સાથે, ગજીફ્રાક તથા ધોતીઆના જોટા મગાવજો.

મેનેજર—(કાપડ મંગાવીને કહેછે)લોજી આ કાપડ ઘણુંજ સારૂ છે, તેમજ ટકાઉમાં મજબુત છે.

ફાધર—યસ સર વેરી વેલ, આ બ્લેક કલરના આખા તાકા નો શું ભાવ છે.

મેનેજર—મહેરબાન આ બ્લેક કલરનો તાકો ૨૧॥ વારનો છે તેના તમોને ૪૩) રૂપીઆ પડશે.

ફ્રાધર—શેઠ ભાવમા કંઇ ફેરફાર હોય તો કાઢી નાખો, હમો ફર વખતે તમારે ત્યાંથી માલ ખરીદશુ

મેનેજર—ડીયર ઓલ રાઇટ

સન—પલીઝ માઇ ડીયર ફાધર મેનેજર સાહેબ કહેછે ઠીક છે

ફાધર—મેહેરબાન આ ગજીફ્રાક તથા ધોતીઆનો શું ભાવ છે

મેનેજર—શેઠ ગજીફ્રાકના એક ડઝનના ત્રણ રૂપીઆ પડશે ને, ધોતીઆના જોટા એકના બે રૂપીઆ પડશે

ફાધર—મેનેજર સાહેબ, આ બ્લેક કલરનો વુલન તાકો તથા, એક ડઝન ગજીફ્રાક ને પાચ જોટા ધોતીઆના આપી, બીલ કરી આપો

મેનેજર—શેઠ આંકડો લોને રૂા ૫૬) આપો

ફાધર—(તરતજ છપ્પન રૂપીઆ ગણી આપે છે)તે મેનેજરને કહેછે સાહેબ હમો રજા લઇશુ (ખુરશીપરથી ઉઠે છે) ગુડ બાય સર

સન—રામા જલદીથી ગાડી ઘર તરફ હાંક આપણુને ઘણો વખત થઇ ગયો

ફાધર—અરે રામા ગાડી કણપીઠ બજાર તરફથી હાંકજે મારે ત્યાં સેજ કામ છે.

સન—(મનમા કહેછે પિતાજીને વલી હાલમાં કણપીઠ બજાર માં શુ કામ છે)

ફાધર—રામા ગાડી સેજ વાર અહીઆ ઉભી રાખ.

(રામો ગાડી ઉભી રાખે છે)

સન—પ્લીઝ માઇ ડીયર ફાધર અહીઆ ગાડી ઉભી રાખ વાનું શુ કામ છે

ફાધર—માઇ ડીયર સન હોરમસજી પારસીની દુકાનેથી બ્રાં ન્ડીની બાટલી લેવાનો વીચાર છે, સમજ્યો મારા વહાલા બેટા

સન—પ્લીઝ માઇ ડીયર ફાધર. (ચોકીને ગુસ્સાથી) અરે આ તમો શુ બોલોછો, બ્રાન્ડી અરે શુ બ્રાન્ડીનુ નામ દેતા પણ નથી શરમાતા આપણી પવીત્ર ઊચ કોમમા જ્યારે બ્રાન્ડી વપરાશે તો પછી દુનીઆનો અત જલદીથી આવે તેમા શુ નવાઇ, ને આ ગરીબ બીચારી ધરતી માતા પણ કેમ ભાર ઝીલશે, ઓ પ્રભુ તુ એમને આવા બદકામથી દુર રાખનાર છે

ફાધર—ડોન્ટ સ્પીક આ સીંગલ વર્ડ એન્ડ ગેટ અવે. તુ મને શીખામણ દે છે. બ્રાન્ડીનુ ના કહે છે તો, જા મારે તારૂ કામ પણ નથી

સન—પિતાજી અરે ઓ છતી આખે આધલા થયેલા પિતાજી આ તમો શુ બોલો છો, તેનુ તમને ભાન છે અરે ઓ પૈસાના અભીમાનમા ફુલાઈ ગયેલા પિતાજી વિચારો વિચારો તમારા જેવા ઉચ કોમમા, માબાપને પેટે જન્મીને માની કુખને એબ લગાડના રને હજારો વાર ધીકકાર છે ફીટકાર છે એના કરતા તો તમારી માની પેટે તમો જન્મથી પત્થર જન્મ્યા હોત તો ઠીક થાત, કે મારા જેવાનો પણ તમારે ત્યા જન્મ નહી થાત. ઓ પ્રભુ તુ સૌની લાજ રાખનાર છે.

ફાધર—ગેટ આઉટ રાસકલ (તમાચો મારીને)મારે તારી શીખામણ નથી જોઇતી.

સન—ભલે તમો મને મારો, અરે પણ યાદ રાખજો કે પૈસો ને, અભીમાન કોઈનું રહ્યું નથી તેમ રહેવાનુ પણ નથી પીતાજી

આ વખતના આ મારા ઝેર જેવા શબ્દો યાદ રાખજો તમો મારા બાપ છો તો ભ લે પણ તમારા જેવું કામ કરનારને એકવાર શું પણ હજારો વાર ધીક્કાર છે ભલે તમો ચહાય તે કરો મારાથી એવુ અણુઘટતુ કામ પણ કદી થયું નથી, ને પરમેશ્વર કરશે તો થનાર પણુ નથી.

(સન ગાડી છોડી ચાલ્યો જાય છે.)

સન—(મનમા એકલો) ખરેખર દેશી મીલોના માલની તપાસ બરાબર મે કરી છે માટે જ્યાંસુધી નોકરી નહી મલે ત્યાસુધી હું મારા દેશીભાઇઓને દેશી માલજ વાપરવાની ભલામણ કરીશ ને મારાથી બનશે ત્યાસુધી માગ દેશ બાધવોને સારી શીખામણ આપીને સારે મારગે દોરવીશ ઇશ્વર મને આ કામમા ફતેહ અપાવશે ને મારા દેશી બધુઓના હૃદયમા દેશની લાગણી વીજલીક રૂપે આવે ને સોના ધ્યાન સ્વદેશનુ ભલુ કરવુ એવ. થાય એવી મારી માગણી તે પરમકૃપાલુ પરમેશ્વર પુરી કરી આપનાર છે

ફાધર—ચાલ પીડા ગઈ (મનમા કહીને,) હોરમસજીની દુકાને આવે છે ને કહે છે ઓહ મીસ્તર હોરમસજી આરયુકવાઇટવેલ.

હોરમસજી—ઓ યસમાઈ ડીયર સર આઇએમ વેરી ગ્લેડ ટુ સી યુ, કેમ સાહેબ શુ હુકમ છે

ફાધર—સાહેબ બ્રાન્ડીની બાટલી અરધો ડઝન આપો, શેઠ હવે આપણેતો આજથી ખાઇપીને મોજ ઊડાવવી એજ ઠીક છે.

હોરમસજી—કેમ શેઠસાહેબ આજતો કંઇ બહુ ઊદાર દીલના થઈ ગયલા દેખાવ છોને.

ફાધર—અરે શું કહુ મારા શેઠ, પેલો આજકાલનો રાંડનો મારો છોકરો મારાથી લઢીને ચાલ્યો ગયો, તેથી હવે આપણેતો વેપાર બંધ કરીને મોજમજા કરીશું કે બસ બેડોપાર.

પ્રિય વાંચક બંધુઓ હવે આપણે. ફાધરનું નામ નહી આપતા આપણે આ જાણીતા ગૃહસ્થનું નામ શેઠ આપીશું.

પ્રકરણ ૩જું.

દોહરો.

શેઠે વેપાર બંધ કરીને, કરવા માંડી ધમાલ
રંડી બાજીના શોખમાં, ગુમાવ્યા ધનમાલ.
અભીમાનમાં ફુલાઇને, ગુમાવી ઈજ્જત અપાર,
પોલીસમાં પકડાઇને, દુખ પામે અપાર.

શેઠે બ્રાન્ડી લઇને તરતજ ગાડીમા ઘેર જઇને મહેતાઓને રજા આપી વેપાર બંધ કર્યો, ફકત નોકરને ત્થા ગાડીવાલાને રાખ્યા પછી થોડા દીવસમાં તો શેઠે રડીબાજીમા પઇસા ગુમાવવા માડયાં (શેઠ ચતરા નાયકણીને ઘેર જાય છે)

ચતરા—આઇએ શેઠજી આપકા મેરેપર બહોત અહેસાન હુવા.

શેઠ—હા પ્યારી મગરઆજતો દીલ બ્હોત રંજમે હે, ઈસ બાસ્તે તુ સીતારકી સાથ એક અચ્છા ગાનાગા.

ચતરા—(શીતાર નીકાલીને ગાયન ગાય છે તેથી શેઠ ખુશ થાયછે)

શેઠ—બસ અબ પ્યારી બહોત હુવા અબ ગાના બંધ કર મેં બહોત ખુશ હુવા હું, ઈસ લીયે મેં એ ૨૫) રૂપીએ શીર હાલ દેતા હું.

ચતરા—લાઇયે શેઠજી મે બહોત ખુશ હું મગર પ્યારે તુમ મેરા મકાનમે હમેશાં રહોતો આપકા બ્હોત મેરેપર હેશાન હોયગા.

શેઠ—હા પ્યારી તેરી એસી ખુશી હે તો મે આજ મેરે મકાનપર જાકે સબ નોકર ચાકરકુ પગાર દે કે રજા દેતા હુ, ને મેરે ઘરકા તમામ અસબાબ ઓર જર ઝેવરાત લીયાતા હું

ચતરા—હા પ્યારે એ બ્હોત અચ્છી બાત તુમને સોચી હે (શેઠ ઘેર જવાની રજા લેઇને ઘેર જાય છે)

શેઠ—અબ્બા રામા અહી આવ લે આ તારો દોઢ મહિનાનો પગાર બાકી છે તે લેઇ લે ને આજથી તુ તારે ગમે ત્યા નોકરી કરજે [રામો શેઠની પાસેથી રૂા ૧૨ લે છે)

શેઠ તરતજ ગાડાવાલાને બોલાવીને પોતીકા ઘરનો તમામ સામાન ભરાવીને ચતરાને ત્યા લઇ જાય છે

ચતરા—લીજીયે. શેઠજી એ ત્રીજોરીકીચાવી લેકે તુમારા સબ જર ઝવેર ત્રીજોરીમે રખદો

શેઠ—હા પ્યારી લાઇયે ત્રીજોરીકીચાવી?

ચતરા—(ત્રીજોરાની ચાવી આપીને) લીજીયે શેઠજી, અબતો એ મકાન મેરા નહી મગર તુમારાહી હે

(શેઠ પોતીકો તમામ માલ તથા દાગીના ત્રીજોરીમા ભરીને બધ કરી ચાવી ચતરાને આપે છે)

પ્યારી અબતો અપન શાથ રહકે બહોત એશ આરામ કરેંગે, કયુ?

ચતરા—હા પ્યારે? અબતો હમ તુમ શબ એક હે મગર પ્યારે? તુમ કલ જાકે ચોક મેશે મેરે વાસ્તે દશ ગજ મજલીન લીયાદો

શેઠ—પ્યારી બેફીકર રહે, મે કલ જાકે જરૂર લેઆઉગા

ચતરા—(મનમા) મુવા કેશા ખુશ હો ગયા. મગર જાનતા નહીં કે એ શોનેકે ચીડીયા કોઇ દીન મેરામ શાલા બનાયગી

શેઠ—પ્યારી આજતો અપન ભાડુતી ગાડીમે બેઠકે કુમસકી હવા ખાનેકે જાએગે કયુ પ્યારી

(ચતરાનો બરાબર જવાબ ન મળવાથી)

શેઠ—કયુ પ્યારી જવાબ નહિ દેતી ? કયા કુછ મીજાજ ઠીકાણે હે યા નહિ

[ચતરાનો ફરેબ શેઠના પાચસાત દિવસ રહ્યા પછી]

ચતરા—કયા કહુ શેઠજી મેરેસે શરમ કે લીયે કુચ્છ બોલા જાતા નહિ, મગર કયા કરૂ તુમ બહોત ખુશ રહે હો. તો મેરેસે કુચ્છ તુમાગા ઇનકાર હો નહિ શકતા, લો જબ મેરે પ્યારે સુનો, મેરાતો અબ દો ચાર પાચ રોજમેં અજમેર જાનેકા ઇરાદા હોતા હય, ઇસ બાસ્તે તુમ મહેરબાની કરકે દો તીન મહિને તુમ તમારે મકાનપર જાકે રહોતો અચ્છી બાત હે

શેઠ—કયું પ્યારી? તુ એ કયાબત કરતી હે, મેરીતો જરાબી સમજ મે એ બાત નહી આતી, મે તો યહાંઇ રહુંગા, મેંતો હરગીઝ યહાસે ન જાઉગા

ચતરા—(ગુસ્સાથી) કયા તેરા બાવાકા મકાન હે કે યહાસે ન જાયગા નહીં તો અભી પુલીસકો બુલવાકે જેલમે બીજવા દુગી, ખુદાકે વાસ્તે ઇજ્જત મે મુંબાઇકી ચોપાટીકી હવા ખાને જા, નહીં તો પસ્તાયગા

શેઠ—લાજબ મેરા તમામ જર ઝેવર ? મે નહી જાનતાથા કે તું એસી બેવફા રંડી નીકળેગી મગર તુતો બડી બેવફા રડી નીકલી ખુદાકે ઘરકી તેરે મો પર નાલત હે

(શેઠ પૈસા માગવાથી)

ચતરા—પોલીસ પોલીસ, એમુવા મેરે ઘરમેં આકર ચોરી કરતાહે.

(પોલીસ આવે છે ને શેઠને પકડે છે)

શેઠ—અરે પોલીસ સાહેબ હુ કંઇ ચોર નથી આરડ઼ે મારો માલ નથી આપતી.

પોલીસ—અબે સાલે, ચલતા હય તો ચલ, નહિતો બીરીયા નીખાના પડેગી.'એ બીચારી ઓરતકુ બદલામ કરતા હય, હમને હમારી નજરસે ઉસીકે મકાનમેં ચોરીકરતા દેખા હય.

(પોલીસ શેઠને કીલ્લામાં લેઇ જાય છે.)

મેજીસ્ટ્રેટ સાહેબ આગલ કામ નીકલતા શેઠનો કંઇ પુરાવો નહિ હોવાથી કરમ સંજોગે ત્રણ માસ સખત કેદની સજા થાય છે

સાખી.

કુટેવથી સપડાય છે, નાના મોટા જન
કુટેવથી જથાય છે માલની ખરાબીજાન

પ્રીય વાંચક બંધુઓ, હવે આપણે અહીયા થોડીક સમય અનુસાર સન વીશેની વાતો ચલાવીએ છીએ. પણ બંધુઓ હવેથી સનનું નામ નહી આપતાં મનહરલાલ નામ આપીશું.

પ્રકરણ ૪થું

દોહરો.

મનહરલાલ સુધર્યો હવે, પામ્યો સુખ અપાર
નોકરી છોડીને નીસર્યો, કરવા માંડયો વેપાર
વેપાર કરીને સુખ મેળવ્યુ, પામ્યો ધનને માલ
પરમેશ્વરની મહેરથી, કઇ કરી ન શકયો કાલ

મનહરલાલે બાપથી જુદા પડીને ત્રણ ચાર દીવસ સુધી ભાષણ કરવાનુ કામ ચાલુ રાખ્યુ, પછી તેને એક વેપારીની દુકાને મહીનાનો ૧૫) રૂપીઆ પગાર નક્કી કરીને તેની દુકાન પર રહ્યો.
ને થોડા મહીના શેઠને ત્યા નોકરી કરવાથી શેઠને તેનો ઘણો ઇતબાર આવવાથી તેને તેની લાયકાત મુજબ તેના પગારમાં વધારો

કરી, દર માસે રૂા. ૩૫)નો પગાર કરી આપ્યો મનહરલાલે ત્રણ વરસ શેઠને ત્યાં નોકરી કરી, તેથી તે વેપારી વર્ગમાં જાણીતો થઈ વેપારમાં ઘણોજ હોંશીયાર થયો તેથી તેને શેઠને ત્યાની નોકરી છોડી દીધી, ને તરતજ થોડા દિવસમાં દેશી માલની દુકાન ખોલી ને ઇશ્વર કૃપાથી તેની ઇજ્જત વધી, તેથી તેને લગ્ન કરી ઘર સંસાર માડયોને થોડા વરસમાં તેને ત્યાં પુત્ર પ્રસવ્યો, તેથી તે ઘણોજ ખુશી થયો ને ઇશ્વરનો ઉપકાર માનવા લાગ્યો (વાંચક મનહરલાલની સ્ત્રીનુ નામ પ્રેમકલા હતુ,

પ્રેમકલા—પ્રાણનાથ આજે તમો આપણા કીશોરને સારૂ દાગીના બનાવવા સારૂં, સોનુ તથા કાનમા વીટલી ઘાલવા સારૂ મોતી લઈ આવજો

મનહરલાલ—પ્રિયા આપણે ખોટી શોભા બતાવવાને સારૂં એવો ખરચ કરવો નથી

પ્રેમકલા—પ્રાણનાથ આપણી ન્યાતના સઘળા છોકરાઓને હાથે, દરરોજ કલ્લી તથા કાનમા વીટલી પડી રહે છે તે શુ તમો નથી જાણતા

મનહરલાલ—પ્રિયા તારી ઘણીજ ભુલ છે એમા ઉલટુ આપણે નુકશાન છે,

પ્રેમકલા— કેમ પ્રાણનાથ એમા વલી આપણે શુ નુકશાન છે

મનહરલાલ—જો સાભલ તને વલી યાદ નથી આપણી શેરીમા પેલા છગનભાઈના છોકરાને તેનો મામો જમવાને તેડી ગયો હતો, ને ત્યા તેની દાનત દાગીનાને સારૂ બગડવાથી તે, નીરદય મામાણસે તેના દાગીના કાઢી, તે બીચારા બાળકને મારી નાખી ફેંકી દીધો હતો તેવલી શુ તને ખબર

પ્રેમકલા—પ્રાણનાથ પછી તેનુ શુ થયુ

મનહરલાલ—પ્રિયા પાપ કોઇનું છુપુ રહેતુ નથી આખરે પણ તે પકડાયછે ને આખરે તે, પોતીકા કર્યા કર્મનો બદલો ભોગવે છે ને અતીશે દુખ પામે છે માટે પ્રિયા આપણે એવી શોભા નથી બતાવવી માટે આપણી ન્યાતમા કોઇ પણ છોકરાને દાગીના પહેરાવ તો આપણ ના, કહેવુ જોઇએ કે આવા દુષ્ટ માણસના હાથમા આપણા બાળકો કદી પણ ભુલે ચુકે જવા પામે નહી

પ્રેમકલા—પ્રાણનાથ તમારુ કહેવુ ખરુ છે માટે આપણે તો કીશોરને કદી પણ દાગીના પહેરાવવા નહી

મનહરલાલ—ખરુ છે પ્રીયા એમ કહીને સુગરા પહેરી બહાર કામને પરવારવા (પ્રિય વાચક બંધુઓ) આ મનહરલાલ હરેક વખત એમ કરતા [illegible] થીડમા તેની વાહવાહ બો-લાવી [illegible] આ જીકમાના અંતે સુખ ભોગવી આપન વગરની [illegible] તે પરમકૃપાળુ ભગવાનના ધામમા ગયા

દોહરો

સંતોષ રાખશે જે ધણી સંતોષ પામને સુખ
સંતોષથીજ મેળવ્યુ હરીશ્ચંદ્રે સુખ
વીસવાસ રાખશે જે ધણી પામશે સર્વે કામ
નરસીહમહેતાએ મેળવ્યુ વીશવાસે પ્રભુનુ ધામ

માટે પ્રિય વહાલા બધુઓ તમો તમારા બાળકોને સારા દે-ખાડવા સારૂ એવી ખોટી શોભા બતલાવતા નહી ભાઇઓ આજ-કાલ શોભા બતલાવવાને ઘણા જણા પોતીકા બાળકોને દાગીના પહેરાવે છે, ને આખરે તે કોઇ વખત કેવા પસ્તાય છે માટે તેમ

કરતાં શોભા નહી બતલાવવવી એજ સહુથી ઉતમ છે, બીજુ ઓ તમો તમારી કુટેવથી મુકત થાવ ને તમારી પવીત્ર માતા-કુખને જરા બી એબ ન લગાડતા, બધુઓ તમો તમારી મા-ભુમીને દીપાવોને તેમની આશા લઇ સર્વે વાતે સુખ પામો, ભાઇઓ ખરાબ ટેવથી કેવા ફાયદા થાયછે તે આપણુને બીજા પ્રકરણુના વાતપરથી માલુમ છે માટે બંધુઓ જરા અભીમાન નહી કરતા સર્વેને બંધુ સમાન ગણીને દરેકને સારે મારગે દોરવી આપણે આપણા પરમકૃપાળુ પરમાત્માની સદા પ્રર્થના કરવી

સાખી.

સાચુ થાય ન જુઠું કદી જુઠ ન સાચુ થાય
હિરા ન થાય પાષાણ કદી પાષાણ ન હિરા થાય

માટે પ્રિય બંધુઓ આ ખરા [illegible] છે માટે વધારે નહી કહેતા એટલુજ કહેવાનુ છે કે, [illegible] ખરાબ એ કહે-વત સર્વદા યાદ રાખો, અજ્ઞાની દુનિયામા સર્વેને સમાન ગણી ઉચ નીચ નહી જોતા, પરંતુ અભીમાન નહી રાખતા સર્વેને એક સમાન ગણી, એક સંપથી રહેવુ એજ આપણી જીંદગીનુ સાર્થક છે

દોહરો.

અભીમાનને દુસ્મન ગણો-ભાઇઓ ગંજાન [illegible] સમાન
અભીમાન બુરી ચીજ છે-સમજો તમા સજ્જન
અભીમાને ખોઇ છે-[illegible]ની લાજ
અભીમાને ગુમાવી છે- [illegible]પતીની લાજ

માટે પ્રિય વ્હાલા બંધુઓ આપણે આપણા ધર્મમા રહી હર કોઇ ધર્મના કાર્યમાં ઉત્તેજન આપવુ બીજુ ભાઇઓ ધર્મની નીંદા કરવા નહી, ધર્મની નીંદા કરનારને હજારોવાર ધીક્કાર છે આપણા આ નામીચા સોખીલી મુરતમાથી દરવરસે હજારો રૂપીઆ દારૂ તાડીમાં જાય છે એ જાણતાજ મને ઘણે ખેદ ઉપજે છે કે આપણી ખ-

રી કેમાઇના પઇસા એવા અનઘટતા કામમાં વપરાવ છે જે
કારક છે, માટે બંધુઓ તેમ નહી કરતાં આપણી ખરી કમ
પઇસાનો સારા માર્ગે ઉપયોગ કરવો એ સૌથી વધારે સારૂ
બંધુઓ આ ખરાબ વ્યશનથી આપણા આ પવીત્ર દેહને નુક
થાય છે ને લોકોમાં તે ધીટકારને પાત્ર છે, માટે વ્હાલા બંધુ
હજુ પણ તમો એવી ખરાબ કુટેવથી મુક્ત થાવ ને તમારા દેશનુ
સારૂં ઇચ્છો બંધુઓ ખરાબ વ્યશનમાં રહીને દેશનુ સારૂ કરવા
ધારસો તો તે સઘળુ ફોગટ છે, અરે બંધુઓ તમે હજારો જણા
દારૂતાડી પીવો છો તેમાંથી એક જણુતો બતાવો કે, આપણા હીંદુ
ધર્મના કોઇ પણ પુસ્તકમાં પીવાની હા કહી છે અરે બંધુઓ હી-
દુ ધર્મમાં તો શુ પણ મુશલમાન ભાઇઓના તેમજ પારસીભાઇ
ઓના ધર્મમાં પણ પીવાની હા પાડી નથી.? માટે સરવે બંધુઓને
જણાવવાનુ એ કે ધરમના પુસ્તકોમા એવા અનઘટતા કામો ના
લખ્યાં છતાં, જે માણસ એવા અનઘટતા કામમાં ભાગ લઇ એવા
કામને ઉ-તેજંન આપસે તેને હજારો વાર ધીકકારછે ને તેને આ
લોકમાં તો શું પણ પરલોકમા ઘણુંજ દુઃખ વેઠવુ પડસે માટે
સરવે વહાલા બંધુઓ દીલમા જરા ખોટુ લગાડતા નહી ને એવા
ખરાબ રસ્તા છોડી, સારા મારગે ચાલો એવી મારી તમોને ખાસ
ભલામણ છે ભાઇઓ ભુલચુક માફ કરસોજી.

દોહરો

અલ્પ શકતીથી મે રચી પ્રભુ સહાય કરજે મુજને
માફ કરજે મુજ વાકને એ છે મારી અરજ તુજને
સારૂં કરજે સરવનુ આપજે સર્વેને સુખ
તારા તાબેદારની અરજ એ છે આપજે સવેને સુખ

સમાપ્ત.

જાહેર ખબર

વાંચો વાંચો વાં.

ને આપના મીત્ર મંડળમાં વંચાવો

સોંઘુ તેજ મોંઘુ અને મોંઘું તેજ [illegible]

આવી સર્વ [illegible] આપવામાં આવે [illegible]
જાતનું, સાચુ [illegible]
[illegible] આપવામાં આવે [illegible]
તથા [illegible] જાતની [illegible] સાડીની [illegible],
[illegible] કોટ પાટ [illegible]
[illegible], [illegible]
[illegible] ધ્યાન [illegible] અને [illegible]
[illegible]

[illegible]

જરીવાલા. નાથુભાઈ જમનાદાસ

[illegible] સુરત